ફોન ફેક્સ નંબર- 0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

નં. જ/પરીક્ષા/કંટ્રોલ બોર્ડ–જુન–૨૨/૨૨–૨૩/ 209 A By Email તા.16–૦૬–૨૦૨૨

પ્રતિ,
સર્વે સંલગ્ન આયુર્વેદ કોલેજના આચાર્યશ્રીઓ તરફ........

વિષય :– આયુર્વેદાચાર્ય બી.એ.એમ.એસ. જુલાઈ/ઓગષ્ટ–૨૦૨૨માં લેવાનાર (એપ્રિલ–૨૦૨૨ની) ચતુર્થ પ્રોફેશનલ વર્ષની પરીક્ષા લેવા તથા આવેદનપત્રો ભરવા બાબત.

સર/મેડમ,

આથી યુનિવર્સિટી સંલગ્ન સર્વે આયુર્વેદ કોલેજના આચાર્યશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે આદેશાનુસાર જણાવવાનું કે, એકઝામિનેશન કંટ્રોલ બોર્ડની તા.૧૫–૦૬–૨૦૨૨ના રોજ યોજાયેલ સભામાં કાર્યસૂચિ–૩થી થયેલ નિર્ણય અનુસાર યુનિવર્સિટી દ્વારા આયુર્વેદાચાર્ય બી. એ. એમ. એસ. ચતુર્થ પ્રોફેશનલ વર્ષની જુલાઈ/ઓગષ્ટ–૨૦૨૨માં લેવાનાર (એપ્રિલ–૨૦૨૨ની) પ્રેકટીકલ પરીક્ષા તા.૧૧–૦૭–૨૦૨૨ થી જયારે લેખિત પરીક્ષા તા.૦૧–૦૮–૨૦૨૨થી શરૂ થશે. પ્રેકટીકલ તથા લેખિત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ હવે પછી મોકલી આપવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે, આપની કોલેજમાંથી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓના આવેદનપત્રો તા.૧૭–૦૬–૨૦૨૨થી યુનિવર્સિટી વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી ( Off line / Online Form ) સંપૂર્ણ વિગતો ભરી જરૂરી ફી સાથે તા.૨૩–૦૬–૨૦૨૨ સુધીમાં યુનિવર્સિટી( પરીક્ષા શાખા )ને મોકલવાના રહેશે. **તેમજ વર્ષ ૨૦૧૬ કે ત્યારબાદ પ્રવેશ મેળવેલ અને પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓના આવેદનપત્રો પણ આ સાથે દર્શાવ્યા મુજબની તારીખ દરમ્યાન જ ઓનલાઈન ભરવાના રહેશે તેમજ હોલ ટિકીટ પણ ડાઉનલોડ કરી લેવાની રહેશે.**

| નં. | પ્રોફે. વર્ષ | પરીક્ષા ફી Rs. | માર્કશીટ ફી Rs. | પ્રોવિ.સર્ટી.ફી Rs. | એડમીટ કાર્ડની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૦૧ | **ચતુર્થ પ્રોફે.** | 2300/- | 200/- | Rs.100/ | એડમીટ કાર્ડ (લાગુ પડતા વિદ્યાર્થીઓને કોરા તેમજ રદ કરેલ પરત મોકલવા ) |

ઉપરોકત વિગતે પરીક્ષા આપનાર ચતુર્થ પ્રોફેશનલ વર્ષમાં લાગુ પડતા વિદ્યાર્થીઓને એડમીટ કાર્ડ મોકલી આપવામાં આવશે જેની સંપૂર્ણ વિગતો સાથેની માહિતી અચૂક મોકલી આપવાની રહેશે. તેમજ આ અંગેની નીચે દર્શાવ્યા મુજબની **તેમજ સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કોવીડ–૧૯ને લગતી ગાઈડ લાઈન તથા અન્ય જરૂરી સૂચનાઓનો આચાર્યશ્રીએ ચૂસ્તપણે અમલ કરવાનો/કરાવવાનો રહેશે.**

**(૧) યુનિવર્સિટીમાં આવેદનપત્રો** (Off line / Online Form) **રેગ્યુલર ફી સાથે તા.૨૩–૦૬–૨૦૨૨ સુધી જ સ્વીકારવામાં આવશે.**

**(૨) તા.૨૪–૦૬–૨૦૨૨ થી તા.૨૮–૦૬–૨૦૨૨ સુધી પ્રતિદિન રૂા.૨૦૦/– લેઈટ ફી સાથે સ્વિકારવામાં આવશે.**

**(૩) તારીખ ૨૯–૦૬–૨૦૨૨ થી તારીખ ૦૩–૦૭–૨૦૨૨ સુધી મોકલવામા આવનાર આવેદનપત્રો યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ તારીખના દિવસ બાદથી ( એટલે કે તારીખ ૨૩–૦૬–૨૦૨૨થી) લેઈટ ફી પ્રતિદિન રૂા.૨૦૦/–સાથે તેમજ વધારાની રૂા. ૪૦૦૦/–ની પેનલ્ટી સાથે તમામ આધાર પુરાવાઓ સાથે ખાસ કિસ્સા તરીકે આચાર્યશ્રીની ભલામણ સાથે અત્રે મળ્યા બાદ માન.કુલપતિશ્રીની મંજૂરી મળ્યા બાદજ સ્વીકારવામાં આવશે. જે અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.**

-૨- PTO

ફોન ફેક્સ નંબર- 0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in



(૪) તારીખ ૦૪-૦૭-૨૦૨૨થી કોઈપણ સંજોગોમાં આવેદનપત્ર સ્વીકાર કરવામાં આવશે નહી.

નોંધઃ- આવેદનપત્રોમાં અધુરી વિગત હશે તે ફોર્મ રદ કરવામાં આવશે તેમજ પરીક્ષા ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં નિયમાનુસાર પરીક્ષા ફી પરત મળી શકશે નહી જેની ખાસ નોંધ લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

( ડો. એ. કે. જાડેજા )
પરીક્ષા નિયામક

બિડાણઃ- ઉપર મુજબ
નકલ રવાના :-
(૧) પી. એસ. ટુ વી. સી.
(૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર.